# આઈટીઆઈનું મિશન માસ્ક

ગાંધીનગર, તા. ૨૬

શ્રમ અને રોજગાર વિભાગ સંચાલિત ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યુટસે ફેસ માસ્કસની તંગીના સંદર્ભમાં "મિશન માસ્ક" દેશવ્યાપી લૉકડાઉનને કારણે આઈટીઆઈ બંધ હોવાથી સિવણ મશીન ફાજલ પડેલાં છે. આઈટીઆઈ ને એવો વિચાર આવ્યો છે કે આ મશીન્સનો





હાથ ધર્યુ છે.

ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટિટયુટસનુ સંચાલન કરતા શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી વિપુલ મિત્રા જણાવે છે કે "આઈટીઆઈ સિવણની તાલિમ આપતી હોવાથી તે અનેક સિવણ મશીન્સથી સજજ છે. હાલમાં ચાલી રહેલા માસ્કસ બનાવવા માટે ઉપયોગ થઈ શકે તેમ છે. આથી દરેક આઈટીઆઈને જીલ્લા વહિવટી તંત્રને એક દરખાસ્ત રજૂ કરવા જણાવવામાં આવ્યુ છે."

આથી રાજ્ય સરકાર દ્વારા સંચાલિત દાહોદ આદિવાસી વિસ્તારના ૧૦ ઈન્ડસ્ટ્રીયલ ટ્રેઈનીંગ ઈન્સ્ટિટ્યુટસે (ITIs) ૧ લાખ માસ્ક બનાવવા માટેનુ મિશન માસ્ક હાથ ધર્યુ છે.

કોરોના વાયરસના પ્રસારને કારણે માંગ વધતાં બજારમાં ફેસ માસ્કની તંગી વર્તાઈ રહી છે ત્યારે દાહોદની ઝાલોદ રોડ આઈટીઆઈએ જીલ્લા વહિવટી તંત્રનો માસ્ક બનાવવાની દરખાસ્ત સાથે સંપર્ક કર્યો છે. આઈટીઆઈએ હાલમાં જેમણે સિવણની તાલિમ મેળવી છે તે તથા સિવણનો અભ્યાસ પાસ કરી ચૂકેલા વિદ્યાર્થીઓનો સંપર્ક કરતાં થોડાક સમયમાં જ ૭૦ કોરોના વૉરિયર્સે એકત્ર થઈને મિશન માસ્ક હાથ ધરી દીધુ છે.

"જીલ્લા વહિવટી તંત્રએ આઈટીઆઈને માસ્ક બનાવવા માટે ૪૮૦૦ મીટર કાપડ આપ્યુ છે અને થોડાક જ દિવસમાં ૨૫,૦૦૦થી વધુ માસ્ક બનાવીને પૂરાં પાડવામાં આવ્યાં છે." મિત્રા જણાવે છે કે તેમણે અન્ય આઈટીઆઈને પણ આ ઉદાહરણને અનુસરવા અને માસ્ક બનાવવાનુ શરૂ કરવા સૂચના આપી છે.

# વિદ્યાપીઠની આદિવાસી છાત્રા પ્રવીણા બાગુલે એકલા ૧૦૦૦ માસ્ક તૈયાર કર્યા અને ૩૫૦ દિવ્યાંગોમાં વિતરણ

ગાંધીનગર, તા. ૨૬

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, એમ.બી.એ. (ગ્રામ વ્યવસ્થાપન) સત્ર-૨ની વિદ્યાર્થિની રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવક ગુજરાતના આદિવાસી જિલ્લા ડાંગના જામલાપાડા ગામ પો. ગાઢવી તા. આહવાની રહેવાસી પ્રવીણાબેન બાગુલે સમાજ સેવા અને માનવીય સંવેદનાથી પ્રેરિત થઈ એકલા હાથે ૧૦૦૦ માસ્ક તૈયાર કરવાની કામગારી એવા સમયે હાથ ધરી જ્યારે લોકડાઉન ચાલે અને બીજા સાધન-સંસાધનો પણ સીમિત છે. ભણતર સાથે આ બેનને સિવણનો કામ આવડતો હતો પણ અથાક શ્રમની પરવાહ કર્યા વગર આ બેન માત્ર બે દિવસમાં ૩૫૦ માસ્ક વઘઈ તાલુકામાં વિવિધ ગામોમાં રહેતા દિવ્યાંગો માટે તૈયાર કરી આપ્યા જેની વહેચણી સિસ્ટેમેટિક રીતે ડાંગ જિલ્લાના શિક્ષા અધિકારીની આગેવાની હેઠળ ૨૧ એપ્રિલે જુદા જુદા રૂટો પર ૬ ટીમો બનાવી પોતાની કિટ વિતરણ સાથે કરાવી હતી.

બાકીના માસ્ક ડાંગ વિસ્તારમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા આગાખાન સપોર્ટ સંસ્થા



(ભારત)ના કાર્યકર્તાઓ સાથે રહીને કરાવવાની યોજના છે તે સિવાય આજૂબાજૂના ગામોમાં આશા કાર્યકર્તા બેન સાથે રહીને જરૂરતમંદ લોકો સુધી આ કામગીરી કરવાની છે. કોરોના દરમ્યાન આ વિસ્તારમાં વિભાગના ૧૦ વિદ્યાર્થિઓ પોતાના વતનમાં છે તેઓ મનરેગા શ્રમિકો માટે માસ્ક વિતરણ અને કોરોનાથી બચવા માટેની કામગીરી હાથ ધરશે. વિભાગના વડા ડૉ. રાજીવ પટેલે બતાવ્યું કે રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારીની સક્રિયતા, હકારાત્મકતા અને પ્રેરણા થકી ગૂજરાત વિદ્યાપીઠ કોવિડ-૧૯ જન-જાગૃતિ અભિયાન માં વિભાગના વર્તમાન ૪૩ સ્વયંસેવક જ નહિં પણ ભૂતવિદ્યાર્થી સંગઠનના ૨૧૫ સક્રિય સભ્યો એમાં જોડાયા છે. તેઓ સરકારશ્રીની કાર્ય-યોજના મૂજબ સોશલ મીડિયા થકી આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા માટે લોકોને પ્રેરણા આપી રહ્યા છે, પોતે પણ સેવા માટેની મક્કમતા બતાવવા માટે આઈ. ગોટમાં રજિસ્ટર્ડ થઈ રહ્યા છે, તથા નવા નવા તરીકાથી રોચક બેનરો, પી.પી.ટી. તૈયાર કરી લોકોને કોવિડ-૧૯થી બચવા માટે સાવચેત કરી રહ્યા છે.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરામાં સેવાકીય કાર્ય હાથ ધરાયું

ચિલોડા, તા. ૨૬

ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિકભાઈ શાહના પરિપત્ર અનુસંધાને કોવિદ-૧૯ના કારણે ઉત્પન્ન થતા માનસિક તણાવ અંગે પરામર્શ કાર્યક્રમ ૨૫મી એપ્રિલે મ.દે. ગ્રામસેવા સંકુલ સાદરામાં સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.




જેમાં મોતીપુરા ગ્રામપંચાયતના સરપંચ શ્રીમતી નીરુબેન પટેલ હાજર રહ્યાહતા. આરોગ્ય કેન્દ્ર સાદરાના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાએ પરિસરના સેવકો તેમજ પરિવારજનોને કોરોના વાઈરસથી ભયમુક્ત રહી માનસિક તંદુરસ્તી જાળવવા જુદા જુદા ઉપાયો અંગે જણાવ્યું હતું.

સંયોજક રમેશભાઈ પટેલેએ કોવિડ-૧૯ના મહાસંક્રમણથી સાવધાનીના પગલા અંગે અને માનસિક રીતે મજબૂત રહેવાનો વાર્તાલાપ કર્યો હતો.

સરપંચ શ્રીમતી નીરુબેન પટેલને આવી પ્રવૃત્તિ ગામડાઓમાં થાય અને ગ્રામસમુદાયને સજાગ કરવાની વાત કરી હતી. આ અનુસંધાને આવી પ્રવૃત્તિ સોમવારથી ગામડાઓમાં સામાજિદ દૂરીને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. ગ્રંથપાલ જગદીશ પરીખે લોકગીત, ભક્તિગીત ગાઈ સંકુલના સેવકોને આનંદપ્રમોદ કરાવ્યા હતા.

# દહેગામ તાલુકામાં ૯૬ પેકેટ ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરાયું




દહેગામ, તા. ૨૬

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાનાં દેવકરણનાં મુવાડામાં ત્રણ ગામોની ૯૬ વૃદ્ધો તથા વિધવા બહેનોને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ભીડ ના થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. સમય કરતા કલાક વહેલા પહોંચતા કાર્ય સુવ્યવસ્થિત પાર પડ્યું હતું.ય આ કાર્યમાં મહર્ષિ સુથાર, મિલિંદભાઈ તથા યોગેશભાઈ સાથે હતા.

# જી.ટી.યુ દ્વારા લેવાયેલ વિન્ટર-૨૦૧૯ની પરીક્ષામાં (સેફ્રોની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી) ગાંધીનગર ઝોનમાં પ્રથમ




જી.ટી.યુ દ્વારા લેવાયેલ વિન્ટર-૨૦૧૯ ની પરીક્ષામાં ગાંધીનગર ઝોનની એસ.પી.બી.પટેલ ડિપ્લોમા ઈજનેરી કોલેજ (સેફ્રોની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી) ગાંધીનગર ઝોનમાં પ્રથમ. જી ટી યુ દ્વારા લેવાયેલ વિન્ટર-૨૦૧૯ ની ડિપ્લોમા પ્રથમ સેમિસ્ટરની પરીક્ષામાં ૧૨૯ કોલેજોમાં એસ. પી.બી. પટેલ ડિપ્લોમા ઈજનેરી કૉલેજ પાંચમો ક્રમ પ્રાપ્ત કરેલ છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરી જી. ટી.યું. ના પરિણામમાં અગ્રેસર છે. ડિપ્લોમા ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ અને ડિપ્લોમા સિવિલ એન્જિનિયરિંગ સમગ્ર ગુજરાત માં બીજો ક્રમ અને ગાંધીનગર ઝોન માં પ્રથમ ક્રમ મેળવેલ છે. તદ ઉપરાંત વિદ્યાર્થી કક્ષાએ ડિપ્લોમા સિવિલ મા નીલ ગજ્જર **9.68 SPI** મેળવી ને જી. ટી.યુ. માં ત્રીજો ક્રમ અને ડિપ્લોમા મિકેનિકલમા પલ પટેલ **9.54 SPI** મેળવી ને પાંચમો ક્રમ મેળવેલ છે. આ સફળતા બદલ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પ્રિયેશભાઈ દલાલ, મેનેજમેન્ટ ના સભ્ય શ્રી. કુશલભાઈ, ડૉ ગુલાબભાઈ, આચાર્ય પ્રો. મહેન્દ્રભાઈ એ. પટેલ તથા સમગ્ર સેફ્રોની સ્ટાફે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# અક્ષય તૃતીયાએ કડીમાં શ્રી ઘનશ્યામ મહાપ્રભુને ચંદનનો કલાત્મક શણગાર

ચંદન શીતળતાનું પ્રતીક છે.પૌરાણિક કાળથી જ ભારતમાં ચંદનનુંઆગવુંધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ રહ્યું છે. ચંદનની સુગંધ અને પવિત્રતાને લઈને હજારો વર્ષોથી ઉપયોગમાં લેવાતું રહ્યું છે. સનાતન (હિન્દુ) ધર્મમાં અક્ષય તૃતીયા માંગલિક કાર્યોમાટે શુભ અને અક્ષય મૂહુર્ત માનવામાં આવે છે. આ ઈશ્વરીય તિથિ પણ કહેવામાં આવે છે. વાસ્તવામાં, 'અક્ષય' શબ્દનો અર્થ છે - જેનો ક્ષય કે નાશ ન થાય. વૈશાખ સુદ ત્રીજ તિથિ અક્ષય હોય છે. તે દિવસથી ચંદનયાત્રા શરૂ થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાય આ દિવસે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં



બિરાજમાન સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી હરિકૃષ્ણ મહારાજે સંતો ભક્તો પોતાની વિરહાગ્નિ શ્રી સ્વામિનારાયણ ભગવાનને નિવેદન કરી અનેક પ્રકારની શીતળ સામગ્રી, ચંદન, અરગમ, કેસર, બરાસ, ગુલાબ, સુગંધી અંત્તર, ફૂલેલ વગેરે વસ્તુઓનો લેપ ભગવાનના અંગો ઉપર કરી કલાત્મક વાઘા ધરાવે છે. અને સૌ સંતો ભક્તો દર્શન કરી આધ્યાત્મિક શીતળતા અને શાંતિ અનુભવે છે. શ્રીજી મહારાજ, સમકાલિન શીઘ્ર કવિ સદગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામજી કહે છે કે, ચંદન ખોર કીયે આવત હરિ.... સાથે જ સખા મંડળ અતિ શોભિત, કરમે રૂમાલ લીયે.... કડી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી સ્વામીનારાયણ ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજને કલાત્મિક વાઘા ધરાવવામાં આવ્યા હતા. ઉનાળાની ગરમીને કારણે વર્ષોથી ગરમીમાં ખાસ કરીને અખાત્રીજના દિવસે, વૈશાખ સુદ- વદની એકાદશી તેમજ પૂનમ અને અમાસના પાવન દિને આ શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં શ્રી



હરિજીને વર્ષોથી સંતો દ્વારા ચંદનના વાઘા ધરાવવામાં આવે છે. અખાત્રીજ - અક્ષયતૃતીયાના પાવન દિને કલાત્મક ચંદનના વાઘા - શણગારમાં દર્શન આપતા શ્રી ઘનશ્યામ મહાપ્રભુ, શ્રી હરિકૃષ્ણ મહારાજ - શ્રી સ્વામિનારાયણ ભગવાનની આરતી શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે કરી હતી. આજના દર્શન દેશ-વિદેશમાં વસતા તમામ સત્સંગીઓ અને ભાવિકોએ લાઈવ દર્શન કરીને પોતાના જીવનમાં ધન્યતા અનુભવી હતી.

# ઘરે રહી ફિટનેસ

## પ્રવર્તમાન પરિસ્થિતમાં ઘરે રહી ઓનલાઈન ફિટનેસ અને ડાયેટ વિશે માહિતી આપતા બ્લેક બેલ્ટ પ્રજ્ઞેશ મેસરીયા...

લોક ડાઉનના સમયમાં બ્લેક બેલ્ટ પ્રગ્નેશભાઈ મેસરિયા તેમના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને અને તેમના પરિવારના સભ્યોએ ઘરે રહી ને ફીટ કેવી રીતે રહી શકાય તેની તાલીમ સવારે અને સાંજે ૬ થી ૮ ઓનલાઈન તાલીમ આપી રહ્યા છે. બાળકોને કરેલી પ્રેક્ટીસનો વિડિઓ મોબાઈલમાં જોઈ તેમને યોગ્ય માર્ગદર્શન આપે. છે. સરળ કસરત અને યોગ્ય ડાયેટ લઈ ફીટ કેવી રીતે રહી શકાય તે વિષયક માહિતી આપે છે.



'સેલ્ફ ડિફેન્સની તાલીમ દીકરીઓ માટે ખૂબ જરૂરી છે. તે દ્વારા પોતાની આત્મરક્ષા કરી શકે છે, સાથે પોતાનામાં રહેલો આત્મવિશ્વાસ કેળવી શકે છે. અને કારકિર્દી માં ખુબ ઉપયોગી બને છે.' ગાંધીનગર સેક્ટર-૫ બી, પ્લોટ ન- ૫૪૭ માં રહેતા પ્રગ્નેશભાઈ મેસરિયા કે જેઓ ૪ ડાન બ્લેકબેલ્ટ ની ડીગ્રી ધરાવે છે અને દીકરીઓને સ્વરક્ષણની તાલીમ આપે છે. ૧૯૯૭થી એલસીબીમાં ફરજ બજાવતા કેતનભાઈ રવલ પાસે તાઈકોન્ડો ની તાલીમ લેવાની શરૂ કરી. ત્યારબાદ પ્રગનેશભાઈ એડવાન્સ તાલીમ લેવા ૨૦૦૨ માં બેંગલોર, દિલ્હી, લખનો ખાતે ગયા. ૨૦૦૪માં પ્રથમ બ્લેક બેલ્ટની ડિગ્રી મેળવી. ૨૦૦૮, ૨૦૧૧ અને ૨૦૧૮ માં ૪ ડાન બ્લેક બેલ્ટની ડિગ્રી મેળવી સન્માન વધાર્યું.

સાથે તેઓ આંતરરાષ્ટ્રીય કોચ તરીકે પણ પ્રમાણપત્ર મેળવ્યું. પ્રગ્નેશભાઈ ૨૦૧૦ મલેશિયા, ૨૦૧૨ થાઈલેન્ડ, ૨૦૧૪ નેપાળ અને ૨૦૧૬ માં ભૂતાન ખાતે ઈન્ટરનેશનલ કોચ તરીકે સેવાઓ આપી છે. નિર્ભયા પ્રોજેક્ટ અંતર્ગત ૨૦૧૨ માં વિમેન્સ ડિફેન્સની તાલીમ આપવામાં આવી જેમાં માસ્ટર ટ્રેઈનર તરીકે સેવાઓ આપી. પ્રગ્નેશભાઈ સેક્ટર-૨૧ જિમખાના અને એસ એસ વી સ્કૂલ કેમ્પસ ખતે તાલીમ વર્ગો ચલાવે છે. તેમના હાથે તૈયાર થયેલા વિદ્યાર્થીઓ ૧૦૦થી વધુ મેડલ રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે અને ૪૫ મેડલ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેળવેલ છે. સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ ગાંધીનગર જિલ્લાની પ્રિ પ્રાયમરી સ્કુલ ની દીકરીઓને સિલ્ફ ડિફેન્સની તાલીમ આપી છે. થોડા સમય પહેલા જ પોતાની 'ઓપલ ગ્રુપ' કંપની દ્વારા વિશ્વ મહિલા દિન ગાંધીનગર શહેરની ૧૩ જેટલી વિશીષ્ટ મહિલાઓનું સન્માન કર્યું હતું..


# ભારતની જીત - સાદુ સાત્વિક ભોજન




લોકડાઉન ૨.૦ લગભગ હવે પતવાની તૈયારીમાં છે. આખી દુનિયાના આંકડા ભારત દેશ રતાં અલગ છે. સવાલ થાય કેમ ? આપણી પાસે બધું જ ઓછું છે.



મેડિકલ ફેસિલીટી અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, ઈટલી કરતા ઓછા છે. છતાં પણ આપણા બુદ્ધિશાળી ડૉકટરોએ લાકડાની તલવારથી ખુબ જ સરસ લડત આપી છે. આખા વિશ્વ કરતાં મૃત્યુઆંક ખૂબ જ ઓછો છે. આ બધાના સવાલ થાય જ અને થવો જ થવો જ



જોઈએ કે શું વાઈરસ જે ઉગ્યો છે અથવા તો ઉગાડવામાં આવ્યો છે એટલે કે બાયોલોજીકલ વેપન ??? અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ જાહેરમાં કહે છે કે આ ચાઈનીઝ વાયરસ જે અમેરિકાને પછાડવા માટે જ કર્યો છે અને એ સાચું પણ લાગે છે કેમ કે, વાઈરસની ડિઝાઈન એવી રીતે કરવામાં આવી છે કે જે અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, ઈટલી વગેરેમાં ખૂબ જ પ્રમાણમાં અસર કરી શકે. સામાન્ય રીતે વાઈરસ મનુષ્યની બહાર ૨૪ કે ૪૮ કલાક સુધી કોઈ પણ સપાટી પર જીવી શકે. એ જ વાઈરસ જ્યારે મનુષ્યમાં દાખલ થાય છે ત્યારે એનો ગ્રોથ ૧૦૦ થી ૧૦૦૦ ટકા વધી જાય છે.

જયારો કોવિદ-૧૯ વાઈરસ ૧૪ દિવસ સુધી અમેરિકા અને લંડન જેવા વાતાવરણમાં જીવી શકે છે. એટલે જ એવું લાગે છે આ લેબોરેટરીમાં બનાવેલો વાઈરસ તો નથી ને ???

એ પછીની વાત છે કે ચાઈનાને આખું વિશ્વ શું સબક શીખવાડશે, પણ અત્યારે લાખોની સંખ્યામાં લોકો મરી રહ્યા છે. તો ભારતમાં બધું જ ઓછું હોવા છતાં કેમ કોરોના પર બીજા દેશો કરતાં સારા પરિણામ મેળવી શકાયા છે ?? કહેવું જ પડે કે ભારતનું તાપમાન અત્યારે વિશ્વના બીજા દેશો કરતા વધારે છે અને જયાં જયાં તાપમાન વધારે હોય છે ત્યાં ત્યાં વાઈરસનું મ્યુટેશન ઓછું અથવા તો પેથોજનીસીટી ઓછી હોય છે. તેવું આપણે લોકડાઉન કરીને ખૂબ જ કાળજી લીધી છે. જયારે બીજા વધારે ગરમી વાળા દેશમાં વાઈરસનું પ્રમાણ ખુબ ઓછું જોવા મળે છે. જેમ કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, દુબઈ વગેરે... એટલે ત્યાં કોરોના છે પણ પ્રમાણ નહિવત છે જેવી રીતે આફ્રિકા જેમાં કોરોના છે પણ નહીવત છે.

હા, આ બધું તો સાચું પણ એ સિવાય ભારતમાં એવું શું છે કે જેનાથી કોરોના વાઈરસને ફેલાવા માટે જોઈએ એ મદદ મળતી નથી ?? તો એનો સીધો જવાબ ઈમ્યુનીટી એટલે કે રોગપ્રતિકારક શક્તિ. અરે ભાઈ, ડુંગલી, ગોળ, ઘી પર જીવતા હોય અને સામે બીજા દેશોમાં ઈમ્યુનિટી માટે જોખી જોખીને પ્રમાણસર રોજ ખોરાક લેતા હોય છે, કસરત કરતા હોય છે, યોગ કરતા હોય છે, તો એમની ઈમ્યુનીટી તો સારી જ હોય ને !! પણ કહેવું પડે કે કોરોના નામના વાઈરસે એવું સાબિત કરી દીધું છે કે ભારતમાં બાજરીના રોટલા, ઘી, ગોળ ખાનારાઓમાં રોગપ્રતિકારક શક્તિ કે ઈમ્યનિટી ને હું (કોરોના વાઈરસ) હરાવી શકીશ નહીં.

ઈમ્યુનિટીની વાત કરી હવે કોરોના વાઈરસ જે ફેફસાંમાં નિમોનીયા ફેલાવે છે તેની અસર ભારતમાં અને બીજા દેશોમાં શું છે તે આવતા અંકે....

- sharddhablood@gmail.com

# જન્મદિને વધામણી



**હસમુખ વી ઠાકર**
કાનૂન મંત્રી, ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ
આંતરિક ઓડિટર, સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, સે. ૨૨
મો. ૭૮૭૪૪ ૧૪૦૬૬



**ઓમ નાયર**



**કૌશલ એન સોની**
મો. ૯૬૨૪૧ ૨૪૧૬૯



**વિપ્રા વિરેન્દ્ર પાંડે**



**રોનક પરમાર**
મો. ૯૯૯૮૪૨૪૯૮૩



**અરવિંદજી કાનાજી ઠાકોર**
મુક્તિધામ



**ઈશ્વરજી તખુજી ઠાકોર**
સુપરવાઈઝર, મુક્તિધામ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક